# વીજળી કાપ: પાવર નિષ્ફળતા પછી ખાદ્યાન્નની સલામતી

સમુદાય માહિતી

## મારે ખાદ્યાન્નને સુરક્ષિત રાખવા માટે શું કરવાની જરૂર છે?

### પાવર નિષ્ફળતા પહેલા અને પાવર નિષ્ફળતા પછી

- ઠંડા અને થીજાવેલા ખાદ્યાન્નોને શક્ય તેટલા ઠંડા રાખવાનો પ્રયાસ કરો. આ એક મહત્વપૂર્ણ વસ્તુ છે. જો ખાદ્યાન્ન સ્પર્શ કરવા માટે હજી પણ ઠંડુ હોય (5 °સે થી ઓછું), તો તે વાપરવા માટે સુરક્ષિત છે.
- જો ઠંડું અથવા થીજાવેલ ખાદ્યાન્ન સ્પર્શ કરવા પર હવે ઠંડું નથી, તો તે ચાર કલાક સુધી રાખી અને ખાઈ શકાય છે અને તે પછી તેને ફેંકી દેવું આવશ્યક છે, અથવા જો તે કાચુ માંસ હોય તો તેને રાંધીને ખાવું જોઈએ.
- ગરમ ખાદ્યાન્નને તે ગરમ થઈ રહ્યું હોય તેની ચાર કલાકની અંદર ખાઇ લો અથવા તેને ફેંકી દો.
- જો થીજાવેલ ખાદ્યાન્ન હજી પણ કઠણ હોય અને પાવર પાછો આવી જાય તો તેને રીફ્રીજ કરવું સુરક્ષિત છે.

### પાવર નિષ્ફળતા દરમિયાન કરવા માટેની વસ્તુઓ

- ખાદ્યાન્નને ફ્રિજમાંથી ફ્રિઝરમાં ખસેડો.
- જો ઉપલબ્ધ હોય, તો બેગ્ઝ આઇસને ફ્રીઝરમાં અને ફ્રિજમાં સંગ્રહિત ખાદ્યાન્નનાં પૅકેજીસ અને ટ્રેની નીચે મૂકો જો પાવર નિષ્ફળતા એક કલાકથી વધુ સમય સુધી રહે તો.
- ઠંડા અથવા થીજાવેલ ખાદ્યાન્ન પર જ્યાં શક્ય હોય ત્યાં અવાહક બ્લેન્કેટ મૂકો.
- અત્યંત જરૂરી હોય ત્યારે જ માત્ર ફ્રિજ કે ફ્રીઝરનું બારણું ખોલો. આ ખાદ્યાન્ન અને વાયુનાં તાપમાનને વધુ લાંબા સમય સુધી વધુ ઠંડું રાખશે.

વિક્ટોરિયન સરકાર, 1 Treasury Place, Melbourne દ્વારા અધિકૃત અને પ્રકાશિત.
© વિક્ટોરિયા રાજ્ય, Department of Health, ફેબ્રુઆરી 2021.